# મોટર સાયકલ સવાર થઈ ચાલતા જતા રાહદારીના ખીસ્સામાંથી મોબાઈલ ઝુંટવી જતા આરોપી સહીત મોબાઈલ તથા મો.સા. સાથે ઝડપી પાડતી કાપોદ્રા પોલીસ

સુરત શહેરના કાપોદ્રા પો.સ્ટે વિસ્તારમાં રસ્તા પર જતા રાહદારીઓના મોબાઈલ ફોન ઝુંટવી જવાના ગુન્હાઓ બનવા પામેલ જે ગુન્હાઓ શોધી કાઢવા માટે કાપોદ્રા પો.સ્ટે.ના પોલીસ માણસો અલગ અલગ ટીમો બનાવી પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન HC રાજેન્દ્રસિંહ રાયમલસિંહ બ.નં.૨૮૧ નાઓને મળેલ બાતમી આધારે પો.સ.ઈ.શ્રી. બી.એમ.કરપડા તથા સાથેના પોલીસ માણસો કાપોદ્રા ચાર રસ્તા પાસે ઉત્રાણ બ્રિજ ઉતરતા આરોપી સબ્બીરબેંગ સરદારબેગ મિર્ઝા ઉ.વ.૪૫ રહે.એચ-૨, બિલ્ડીંગ નં-૧૩૧ રૂમ-૧૬, કોસાડ આવાસ અમરોલી, સુરત મુળ રહે. શહેલાણી તા.બુલંદાણા જી.ચીકલી (મહારાષ્ટ્ર) નાને ઝડપી પાડી તેની પાસેથી વીવો કંપનીનો મોબાઈલ નં-૨ કિ રૂ. ૩૦,૦૦૦/- તથા મો.સા. કિ.રૂ. ૩૦,૦૦૦/- ની મત્તાની સાથે ઝડપી પાડી તેની પુછપરછ કરતા તેનો નાનો ભાઈ રફિક સરદારબેગ મિર્ઝા રહે.અમદાવાદ જે કાઈ કામ ધંધો કરતો ન હોય જેથી તેના મોટા ભાઈ એ ઘરેથી કાઢી મુકતા પક્ડાયેલ આરોપી શબ્બીર પાસે સુરત આવેલ અને રચના સર્કલ પાસે પ્રૌઢ ઉમરના ફરીયાદી શાકભાજી ટેમ્પામાં શાકભાજી લેતા હતા તે વખતે તેઓના શર્ટના ઉપલા ખીસ્સામાંથી મોબાઈલ ખેંચી લઈ નાશી ગયેલ. જે કાપોદ્રા પો.સ્ટે. I ગુ.ર.નં-૩૩/૨૦૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯,૩૫૬,૧૧૪ મુજબનો ગુન્હો દાખલ થયેલ જે વણશોધાયેલ ગુન્હો હોય, જે ગુન્હો શોધી કાઢી પ્રસંશનીય કામગીરી કરવામાં આવેલ છે.